# ડીસા કોર્ટ સંકુલ બહાર હત્યા મામલે ચાર વિરૂધ્ધ ફરીયાદ : પોલીસે બે ની કરી ધરપકડ

ડીસા, તા. ૨૮

ડીસા કોર્ટ સંકુલની બહાર ગઈકાલે બપોરના સમયે આધેડ વ્યક્તિની હથોડો મારી હત્યા કરાઇ હતી. આ હત્યામાં અંગત અદાવત મુળભુત કારણ બહાર આવેલ છે. જેમાં મૃતકની હત્યા મામલે ડીસા શહેર પોલીસે ચાર ઈસમો વિરૂધ્ધ ખુનનો ગુનો દાખલ કરી આજરોજ બેની ધરપકડ કરી હતી. જેઓને ડીસા કોર્ટમાં રજુ કરી પોલીસે રીમાંન્ડની માંગણી કરેલ છે.

આ ચકચરી હત્યા કાંડની વિગતો જોઈએતો ડીસા કોર્ટમાં ગઈકાલે બપોરના સમયે મોટા ગામે રહેતાં પરષોત્તમભાઈ જીવરાજભાઈ રાઠોડ અને તેમના પરીવાર જનો પોતાની દિકરીએ સાસરીયાઓ વિરૂધ્ધમાં કરેલી ત્રાસની ફરીયાદમાં હાજરી આપી હતી. જયારે સામા પક્ષે પરસોત્તમભાઈની દિકરીના સસુર દલપતભાઈ ભાઈચંદભાઈ મકવાણા પણ ડીસા કોર્ટમાં મુદતે હાજર રહ્યા હતાં. જોકે આ દરમ્યાન પોતાનીદિકરીને કહેવાતો ત્રાસ આપનાર દલપતભાઈ મકવાણા પર તેમના વેવાઈ પરષોત્તમભાઈ રાઠોડ ઉસ્કેરાયા હતાં. અને ઉસ્કેરાટમાં તેઓએ બાજુમાં લુહારી કામની રેકડી ચલાવતાં ઈસમના પડેલા ઔજારોમાંથી હથોડો લઈ દલપતભાઈ મકવાણાના માથામાં ફટકા માર્યા હતાં. આ જીવલેણ હુમલામાં દલપતભાઈ મકવાણાનું સારવાર દરમ્યાન કરૂણ મોત થયું હતું. આ મામલે ડીસા શહેર પી.આઈ. આર.એમ. ભદોરીયાએ મૃતકના પુત્ર તુષારભાઈ દલપતભાઈ મકવાણાની ફરીયાદ આધારે આરોપી એવા પરષોત્તમભાઈ જીવરાજભાઈ રાઠોડ, મંજુલાબેન પરષોત્તમભાઈ રાઠોડ, અલ્પેસભાઈ પરષોત્તમભાઈ રાઠોડ તથા મનોજભાઈ પરષોત્તમભાઈ રાઠોડ વિરૂધ્ધ ખુનનો ગુનો દાખલ કર્યો હતો. જેમાં આજરોજ પોલીસે પરષોત્તમભાઈ રાઠોડ અને મંજુલાબેન રાઠોડની વિધીવત ધરપકડ કરી નામદાર કોર્ટમાં રજુ કર્યા હતાં. શહેર પોલીસે ધરપકડ કરાયેલા બંન્ને આરોપીઓના પોલીસ કસ્ટડીના રીમાંડની માંગણી કરેલ છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં વોહરા સમાજના ધર્મગુરુની ૧૦૨મી જન્મજયંતિ પર્વે સાત સંચા વ્હોરવાડથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ધર્મગુરુ ડૉ. સૈયદના મો. બુરહાનુદીન સાહેબનો ૧૦૨મો જન્મ દિવસ ભવ્ય રીતે ઉજવાયો હતો. જેમાં અંજુમને હૈદરી દાઉદ વ્હોરા જમાત દ્વારા આ પ્રસંગની ઉજવણીમાં સમાજના અગ્રણીઓ એમ. એ. માસ્ટર પરિવારના બાકીરભાઈ, અક્ષીક્ષભાઈ, મ્યુ. સદસ્યા ગુલશનબેન વખારીયા સહિત વેપારીઓ સહિત શહેરમાં વસતા વ્હોરા સમાજના લોકો સપરિવાર જોડાયા હતા. જેમાં ગુરુને ઘોડા પર બેસાડી શોભાયાત્રાએ શહેરમાં પરિભ્રમણ કર્યું હતું.

# દુષ્કર્મ કેસ : નાર્કો ટેસ્ટ માટે ૮મી માર્ચે ચુકાદો

અમદાવાદ,તા. ૨૮

અમરાઈવાડી વિસ્તારમાં દુષ્કર્મની ભોગ બનેલી પીડિતાના ચકચારભર્યા કેસમાં સાક્ષીની નાર્કો એનાલીસીસ ટેસ્ટ કરાવવા કરેલી અરજીમાં નવીન કોષ્ટીએ વાંધા અરજી રજુ કરી છે. આ અંગે મેટ્રો મેજીસ્ટ્રેટ એસ.વી. પારેખે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. ૮મી માર્ચે વધુ સુનાવણી હાથ ધરાશે.

આ કેસના સાક્ષી અને આરોપી નવીન કોષ્ટીનો નાર્કો એનાલીસીસ ટેસ્ટ કરાવવા ફરીયાદીએ કોર્ટમાં અરજી કરી હતી. અરજીની સામે નવીન કોષ્ટીએ વાંધા અરજી કોર્ટમાં દાખલ કરી હતી. જેમાં એવી રજુઆત કરી હતી કે આ કેસમાં કોર્ટમાં સોંગદ પર જુબાની આપીછે. આ અંગે કાંઈ જાણતા નથી ખોટી રીતે હેરાન કરાવવા માટે નાર્કોની અરજી કરવામાં આવી છે. આ કેસમાં ખરેખર તો ફરીયાદી અને ભોગ બનેલી પીડિતાનો નાર્કો ટેસ્ટ કરાવવો જોઈએ જેથી સત્ય બહાર આવે તેમ હવે કોઈપણ વ્યક્તિને પોતાની વિરુદ્ધ પુરાવો આપવા દબાણ કરી શકાય નહી. મૌન રહેવાનો દરેક નાગરીકનો બંધારણીય અધિકાર છે. ફરીયાદીની નાર્કો ટેસ્ટની અરજી રદ કરવી જોઈએ.

## અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારની ઘટના

# BMW કેસ : વિસ્મય શાહ એક દિવસના રિમાન્ડ પર

અમદાવાદ, તા. ૨૮

શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં ૧૦૦ કિ.મી.ની અંતરે ઝડપી બીએમડબ્લ્યુ કાર હંકારી બે વ્યક્તિઓને અડફેટમાં લઇ અકસ્માત કરી મોત નિપજાવવાના ચકચારભર્યા કેસમાં આરોપી વિસ્મય શાહને અમદાવાદ ગ્રામ્ય અદાલતના ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ બી. પી. પુજારાએ એક દિવસના પોલીસ રીમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો છે.

શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં પૂર ઝડપે કાર હંકારી બે વ્યક્તિઓને મોતને ઘાટ ઉતારી દેનારા આરોપી વિસ્મય શાહ ગઇકાલે નાટ્યાત્મક ઢબે પોલીસ સમક્ષ હાજર થઇ ગયા હતા. ગુરુવારે વસ્ત્રાપુર પોલીસે વિસ્મય શાહને મિરઝાપુર સ્થિત ગ્રામ્ય કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટમાં એવી રજૂઆત કરી હતી કે બનાવના દિવસે આરોપી ક્યાંથી આવ્યો હતો. નશાની હાલતમાં હતો કે કેમ તેની પૂછપરછ કરવાની છે. અકસ્માત દરમ્યાન આરોપીની બીએમડબ્લ્યુ કારમાં અન્ય ઇસમો હતા કે કેમ તેની તપાસ કરવાની છે. આરોપીની સાથે એક યુવાન હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. યુવતી અંગે પૂછપરછ કરવા આરોપીની હાજરીની જરૂર છે. બનાવ બાદ ૬૦ કલાક બાદ આરોપી પોલીસ સમક્ષ હાજર થયો છે. અકસ્માત સર્જાયા બાદ ક્યાં છુપાયો હતો તેની તપાસ કરવાની છે. આરોપી ઉચ્ચ અભ્યાસ સુધી ભણેલો ગણેલો છે. બહુ જ ચાલાક છે. તપાસમાં સાથ-સહકાર આપતો નથી. પૂછપરછ કરવા દિન-૫ ના રીમાન્ડની માંગ કરવામાં આવી હતી. આરોપી તરફે એવી રજૂઆત કરવામાં આવી હતી કે આરોપી જાતે સરન્ડર થયો છે. ગુના અંગે કાંઇ જાણતો નથી. આ કેસમાં પ્રથમ ફરિયાદમાં ઇપીકો કલમ ૩૦૪(એ)ની છે. જે જામીનપાત્ર ગુનો છે. પાછળથી તપાસ અધિકારીએ કલમ ૩૦૪ પાર્ટ-રનો ઉમેરો કર્યો છે. રીમાન્ડ અરજી રદ કરવા માંગ કરી હતી.

કોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે આરોપી સામે કલમ ૩૦૪ પાર્ટ-રનો ઉમેરો થયો છે જે સેસન્સ ટ્રાયબલ ગુનો છે. દરેક કેસની હકીકત અને સંજોગો સાથે મહત્વ ધરાવતી બાબત છે. તેવા સંજોગોમાં ઇન્ટ્રોગેશન કરવા આરોપીના રીમાન્ડ આપવા જોઇએ.

# કતપુર ટોલ પ્લાઝા પર ટ્રક ઘુસી જતા અકસ્માત

## બુથ પર ટિકિટ કાપનાર યુવકનો અદ્‌ભુત બચાવ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૮

પ્રાંતિજ તાલુકાના કતપુર ટોલ પ્લાઝા પર રાત્રિના સમયે પુરપાટ ઝડપે આવતા ટ્રકના ચાલકે ટ્રક પરનો કાબુ ગુમાવતા ટ્રક ટિકિટ બુથ પર જોરદાર અથડાઈ હતી. સદનસીબે ટિકિટ કાપનાર યુવકનો આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નેશનલ હાઈ-વે નં. ૮ પર કતપુર ટોલ પ્લાઝા આવેલ છે. જ્યાં ગત મોડી રાત્રે ૧૧.૩૦ કલાકે હિંમતનગરથી અમદાવાદ તરફ જતી લોડીંગ ટ્રકના ચાલકે બેફામ રીતે ટ્રક હંકારી ટોલ પ્લાઝા પર પહોંચતા ટ્રક પરનો કાબુ ગુમાવ્યો હતો અને પુરપાટ ઝડપે આવતી ટ્રક બુથ નંબર-૩ પર અથડાઈ હતી. ટ્રક અથડાતા આખુ બુથ તુટી ગયું હતું. અંદર પડેલ કમ્પ્યૂટર અને પૈસા વેરવિખેર થઈ ગયા હતા. સદનસીબે ટિકીટ કાપનાર ભાવિક પટેલ નામના યુવકનો આબાદ બચાવ થયો હતો. મોડી રાત્રે ઘટેલી આ ઘટનાને પગલે ટોલ પ્લાઝા પર ભારે ચક્કાઝામથી ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

આ મામલે પ્રાંતિજ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી ટ્રાફિકનો પ્રશ્ન હલ કરાવ્યો હતો અને અકસ્માત સર્જનાર ટ્રકના ચાલકની અટકાયત કરી ટ્રક કબજે કરી હતી જ્યારે ક્લીનર નાસી છૂટ્યો હતો. આ સમગ્ર મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કડવા પાટીદાર સમાજના જાગૃતમંડળ દ્વારા દિકરીઓનું સન્માન કરાયું

ઊંઝા, તા. ૨૮

ભારતમાંપ્રાચીનકાળથી નારીને શકિત સ્વરૂપ માનવામાં આવે છે. અત્યાર સુધીમાં અનેક નારીઓએ મહાન કાર્યો કરીને સિધ્ધીઓ મેળવી છે ત્યાગ અને સમર્પણના સાક્ષાત્કાર સમી દિકરી પોતાના માતા પિતા ભાઈ બહેન પરિવાર અને મિલકત છોડીને પારકાંને પોતાના કરવા લગ્નના પવિત્ર બંધને બંધાઈને સાસરે ચાલી જાય છે.

શ્રી સત્તાવીસ કડવા પાટીદાર સમાજ જાગૃત મંડળ ઊંઝાના હોદેદારો સભ્યોએ મા બાપ અને સાસુ સસરાના બે કુળને તારનાર સમાજની વ્હાલસોયી દિકરીઓ જેમણે સમૂહલગ્નોમાં લગ્ન કરેલ છે તેવી લગભગ ૨૦૦ જેટલી દિકરીઓને ઊંઝા ખાતે તેડાવી તેઓનું જાહેર અભિવાદન કરીને સ્મૃતિચિન્હો અર્પણ કરવાના એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ અંગેની વિગતો આપતાં શ્રી સત્તાવીસ કડવા પાટીદાર સમાજ જાગૃત મંડળ પરિવાર, ઊંઝાના અગ્રણી અને ઊંઝા બજાર સમિતિના પૂર્વ ચેરમેન કાશીરામભાઈ વી. પટેલે જણાવ્યું હતું કે દિકરી દુહીતા કહેવાય છે. દિકરી બે કુળ તારે છે અને આખા સમાજને ઉજાળે છે ત્યારે અમારા મંડળ દ્વારા અત્યાર સુધીમાં સમૂહલગ્નોમાં લગ્ન કરનાર ૨૦૦ દિકરીઓને મા ઉમિયાના ધામમાં સત્કારવાની એક નવીન પહેલ કરવામાં આવી છે. આગામી તા. ૩-૩-૨૦૧૩ને રવિવારના રોજ ઊંઝા ખાતે ઉનાવા દેશની વાડીમાં સવારે નવ કલાકે દિકરીનું તેડું અંતર્ગત કાર્યક્રમ યોજાશે. જેમાં સમૂહલગ્નોમાં લગ્ન કરનારી દિકરીઓનું જાહેર અભિવાદન કરીને તેઓને સ્મૃતિચિન્હ અર્પણ કરી તેઓ સુખી સમૃધ્ધ બને તેવી પ્રાર્થના કરાશે. આ નવતર કાર્યક્રમથી સમૂહલગ્નોને ઉત્તેજન પણ મળશે.

કાશીરામભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે સને ૨૦૦૫ થી ૨૦૧૨ સુધીમાં આ મંડળ દ્વારા સમૂહલગ્નોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦ જેટલી દિકરીઓના લગ્ન થયા હતા. જે તમામને ઊંઝા મુકામે તેડાવી છે. જાગૃત મંડળે વડીલો, મહિલાઓ, લક્ષ્મી, યુવક સન્માનના કાર્યક્રમો યોજયા છે.

આ ઉપરાંત ચિંતન શિબિર વિદાય સત્કાર સમારંભ, ઉજાણી, વાર્ષિક જનરલસભા, સમાજના દિકરા દિકરીઓને શિક્ષણમાં મદદ કરવી, વડીલોને ધાર્મિક સ્થળોનો પ્રવાસ કરાવવો જેવા અનેક સામાજીક અને સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે.

# પાલનપુરમાં થેરાપીને નામે લૂંટ!

પાલનપુરમાં થેરાપી સેન્ટર ચાલે છે. લોકોને મોટી જાહેરાતો કરીને થેરાપી આપવામાં આવે છે. લોકોને રૂબરૂમાં પૂછતાં જાણવા મળેલ છે કે કોઈ ફાયદો નથી. શિયાળાની ઋતુમાં આ શેકથી ઠીક લાગતું હતું અને મશીનો વિદેશના છે તેમ બતાવીને છેતરવામાં આવે છે. આ થેરાપી વિષે પોલીસ ખાતું પણ જાણકાર છે. સ્ટાફમાં આવતી છોકરીઓને ધમકાવીને વશમાં રખાય છે. જે મશીનો ૭૦ હજારમાં વેચાય છે તે ૧૭ હજારની કિંમતના છે. તો આ અંગે જરુરી તપાસ થાય તેવી પ્રબળ માંગણી છે.

# બાયડની એન.એચ. શાહ શાળાનું ગૌરવ

બાયડ, તા. ૨૮

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર તથા દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય શાંતિકુંજ હરિદ્વારના પરિપ્રેક્ષ્યમાં આયોજીત તાલુકા કક્ષાની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં બાયડની એન.એચ. શાહ હાઈસ્કૂલની બે વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને તાલુકાનું ગૌરવ વધાર્યું હતું.

હરિદ્વારના દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય શાંકિતુંજ અને અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના સંયુકત ઉપક્રમે બાયડ તાલુકા કક્ષાની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાયડ તાલુકા એન.એચ. શાહ હાઈસ્કૂલની ધોરણ-૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કામીયા ચાવડા અને ધોરણ-૯માં અભ્યાસ કરતી જીલ પટેલે ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું અને પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો આ પરીક્ષામાં વિજેતા થનાર બંને વિદ્યાર્થિનીઓને અને તેમને તાલીમ આપનાર શિક્ષકને શાળા આચાર્ય ઉન્મેશ ભાઈ પટેલ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# સરકારે પાણી વિધેયક પસાર કરી ખેડૂતોને અન્યાય કર્યો છે : અંબાલાલ ઉપાધ્યાય

મોડાસા, તા. ૨૮

રાજયમાં અંગ્રેજી રાજ વખતનું કેનાલ સિંચાઈ અંગેનું વિધેયક ચાલુ હતુ જેમાં સરકાર દ્વારા ધરખમ ફેરફારો થયા છે. જેમાં ખેડુત પર સિંચાઈ અધિકારીઓ અને પોલીસ કેસ કરી ખેડુતને છ માસ સુધીની જેલ કરવાની સત્તા આપનારું બીલ પસાર કરી રાજય સરકારે ખેડૂતોને લાંચિયા અધિકારી તંત્રના હવાલે કરી દઈ લાચાર સ્થિતિમાં હડસેલવાનું દુષ્કૃત્ય કરેલ છે તેમ પૂર્વ ધારાસભ્ય અને સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અંબાલાલ ઉપાધ્યાયે જણાવ્યું હતું.

પૂર્વ ધારાસભ્યે અંબાલાલ ઉપાધ્યાયે વધુમાં જણાવ્યું હતું કે બોર, કૂવા ઉંડા કરવા અધિકારીઓની મંજુરી લેવાની, પીયત માટે દંડ ફટકારવાની, કેનાલની સાઈડે ઢોર ન ફેરવાની, પાણી માટે લાયસન્સ લેવાની ખેડૂત વિરોધી જોગવાઈ વાળું બીલ ખેડૂતો માટે શાપરૂપ બને છે, છેલ્લા દસ વર્ષમાં કેનાલની સિંચાઈના ભાવોમાં પાણીના દરનું કોષ્ટક બદલી જુના ભાવમાં પાંચ ગણો વધારો કરી દેવાયો છે. હવે પાણી વિધેયક પસાર કરી ખેડૂતને દાઝયા પર ડામ દેવાનું ખેડૂત વિરોધી પગલું લીધેલ છે. ચાલુ બજેટ સત્રમાં જ સરકારે ઉદ્યોગપરની લોનમાં જંગી વ્યાજ ઘટાડો કરેલ છે. ઉદ્યોગમાં સબસીડી અપાય છે જયારે ખેડૂતોને પોતાના પાક માટે બિયારણ, ખાતર વિગેરેના ખર્ચ માટે લેવાતી કૃષિ લોન પર વ્યાજ ઘટાડાયું નથી. ગુજરાતની રાજય સરકાર ખેડૂતોના હીત માટે સિંચાઈ પાણી, વિજ જોડાણ, ખાતરો, કૃષિ લોન, તળીયાના ભાવે ખેત ઉત્પાદનની ખરીદી વિગેરે અંગે ભારોભાર ઉપેક્ષા સેવી રહી હોવાનું અંબાલાલ ઉપાધ્યાયે જણાવ્યું હતું.



ગુજરાત સરકારપ્રેરિત ગુજરાત સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી, અમદાવાદ અને સેરલિપ સંશોધન સંસ્થાના સંયુક્ત ઉપક્રમે એઈડ્સ પ્રતિકાર જાગૃતિ અંગે યોજાયેલા વ્યાખ્યાનમાં સરદાર પટેલ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ આર્ટસના ડીન ડૉ. એચ.પી. ત્રિવેદી અધ્યક્ષીય ઉદ્‌બોધન કરી રહ્યા છે. સરદારક પટેલ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડ. જિગીષ પંડ્યા, સેરલિપના નિયામક પ્રા. હરિ દેસાઈ, ઈતિહાસના અધ્યાપક ડૉ. વસંત પટેલ અને વિદ્યાર્થીગણ દશ્યમાન છે.

# સેરલિપમાં એઈડ્સ જાગૃત્તિ નિમિત્તે વ્યાખ્યાન અને નિબંધ સ્પર્ધાનું આયોજન

વલ્લભવિદ્યાનગર, ૨૮

ગુજરાત સરકારપ્રેરિત સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી, અમદાવાદ અને સેરલિપ સંશોધન સંસ્થાના સંયુક્ત ઉપક્રમે એઈડ્સ પ્રતિકાર જાગૃતિ અંગે વ્યાખ્યાન અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ આર્ટસના ડીન અને અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. એચ.પી. ત્રિવેદીના અધ્યક્ષસ્થાને એઈડ્સના ઉદ્‌ભવથી વર્તમાન સુધીના વૈજ્ઞાનિક અને ઐતિહાસિક પરિપ્રેક્ષની છણાવટ કરતું સરદાર પટેલ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. જિગીષ પંડ્યાએ વ્યાખ્યાન આપ્યું હતું.

સેરલિપના નિયામક પ્રા. હરિ દેસાઈએ આવકાર પ્રવચન કર્યું હતું અને ઈતિહાસના અધ્યાપક ડૉ. વસંત પટેલે સૂત્રસંચાલન કર્યું હતું. આ નિમિત્તે યોજાયેલી સ્પર્ધામાં એમ.ફિલ (ઈતિહાસ)નાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે સેરલિપનાં અધ્યાપકો ડૉ. ટીના દોશી અને ડૉ. વસંત પટેલે સેવા આપી હતી. આ નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે હીરેન સોલંકી, દ્વિતીય ક્રમાંકે હિતેશ ચૌધરી, તૃતીય ક્રમાંકે સુરેશ મુનિયાને મહાનુભાવોના હસ્તે અનુક્રમે રૂપિયા ૧૫૧, ૧૨૫, ૧૦૧નું રોકડ ઈનામ આપીને તેમનું સન્માન કરાયું હતું.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮